**BEFORE THE HON'BLE NATIONAL GREEN TRIBUNAL**
**WESTERN ZONE BENCH, PUNE**

**ORIGINAL APPLICATION NO. 53 OF 2025 (WZ)**
(Earlier Original Application No. 180 of 2025 PB)

**IN THE MATTER OF:**

*News item appearing in Times of India Dated 02.04.2025, titled "21 dies as blast Flattens Gujarat Firecracker Godown"*

**AFFIDAVIT ON BEHALF OF RESPONDENT NO. 4 – COLLECTOR AND DISTRICT MAGISTRATE, BANASKANTHA, STATE OF GUJARAT**

Executive Magistrate PALANPUR

I, Patel Chelajibhai Prabhujibhai, Resident Additional Collector, District Banaskantha, having office at Joravar Palace, Ambika Society, Palanpur – 385 001 (Gujarat), do hereby solemnly affirm and state on oath as under:

1. The Original Application No. 180 of 2025 (PB) (hereinafter referred to as **"OA"**) has been instituted *suo-motu* by this Hon'ble Tribunal on the basis of the News Article titled "21 dies as blast Flattens Gujarat Firecracker Godown" published in the Times of India on 02.04.2025.

2. It is respectfully submitted that the Principal Bench took *suo-motu* cognizance of the present matter and passed an order dated 24.04.2025 in Original Application No. 180 of 2025 (Principal Bench). The Hon'ble Principal Bench transferred the said matter

to the Hon'ble Western Zone Bench since the issue was pertaining to jurisdiction of Western Zonal Bench of the Tribunal and came to be registered as Original Application No. 53 OF 2025 (WZ).

3. It is most respectfully submitted that the present affidavit is being filed in compliance with the directions issued by this Hon'ble Tribunal in the above-captioned matter, to place on record the factual position; and to apprise this Hon'ble Tribunal of the immediate response, remedial measures, actions and preventive steps taken by the District Administration in the aftermath of the unfortunate incident in question.

4. On 1st April 2025, at about 09:45 hours, a sudden explosion occurred in a firecracker warehouse known as "Deepak Traders", owned by (1) Khubchandbhai Ranumal Mohanani, (2) Dipakbhai Khubchandbhai Mohanani, situated on land bearing Survey No. 384 (Old Survey No. 556/P1/PR), admeasuring 0-48-41 square meters, located near the industrial area on Dhuva Road, Deesa. The said explosion was of such magnitude that the entire reinforced cement concrete (RCC) slab and the walls of the structure collapsed.

Executive Magistrate PALANPUR

5. Immediately, upon receipt of intimation regarding the said mishap, the District Administration, in co-ordination with relevant agencies, initiated a large-scale rescue and relief operation. Seven fully equipped firefighting units, eight ambulances, and a State Disaster Response Force (SDRF) contingent comprising 25 members were deployed at the site,

along with requisite heavy machinery, including four JCBs and one Hitachi Excavator. As debris was systematically removed, mortal remains of labourers were recovered and sent to the Civil Hospital, Deesa, while injured persons were shifted to hospitals at Deesa and Palanpur for emergency medical treatment. It is respectfully submitted that initially 19 deceased individuals were identified, a majority of them being residents of the State of Madhya Pradesh, whereas mortal remains of two victims were forwarded to the Forensic Science Laboratory at Gandhinagar for DNA-based identification.

6. Out of the 19 identified deceased, one body was handed over to the next of kin on the date of the incident itself, whereas the remaining mortal remains were preserved in the cold storage facility of the hospital. It is further submitted that one injured victim, namely Shri Vijay Kazmi (also known as Vijesh Kachole), who was shifted to Ahmedabad Civil Hospital owing to the nature of injuries sustained, unfortunately succumbed on 05.04.2025. Consequently, the total casualty count rose to 22 deceased persons and 5 injured persons.

7. On 02.04.2025, in the presence and under the supervision of officials from the Governments of Gujarat and Madhya Pradesh, the mortal remains of ten victims were transported to Dewas District and those of eight victims to Harda District, Madhya Pradesh, for their last rites. The three injured victims receiving treatment at the Civil Hospital, Deesa, were subsequently discharged and sent home.

Executive Magistrate PALANPUR

8. It is further submitted that in terms of the announcements made by the Central Government and the Governments of Madhya Pradesh and Gujarat, *ex-gratia* compensation has been duly sanctioned and disbursed to the victims and their legal heirs. The details of compensation as declared by the respective Governments is as under:

    a. The Central Government declared relief of ₹2,00,000/- each to the next of kin of each deceased and ₹50,000/- to each injured person.

    b. The Government of Gujarat announced relief of ₹4,00,000/- to the next of kin of each deceased and ₹50,000/- to each injured person.

    c. The Government of Madhya Pradesh declared relief of ₹2,00,000/- each to the next of kin of each deceased and ₹50,000/- to each injured person.

    The disbursement of compensation announced by the Government of Gujarat has been carried out strictly in accordance with orders issued by the District Collector, Banaskantha.

Executive Magistrate PALANPUR

9. With respect to the nature of injuries, it is submitted that three of the injured persons sustained grievous injuries, while the remaining two suffered simple injuries and no significant burns, as duly certified by the Medical Officer of the General Hospital, Deesa.

10. It is also submitted that following the registration of the FIR dated 01.04.2025 and after due investigation, a chargesheet dated 18.06.2025 has been filed against the accused persons, namely (1) Khubchandbhai Ranumal Mohanani, (2) Dipakbhai Khubchandbhai Mohanani, and (3) Harish Ramchandra Meghwani, before the learned Additional District Court at Deesa, where the matter is registered as Sessions Case No. 50 of 2025.

11. It is most respectfully brought to the notice of this Hon'ble Tribunal that the State Government, through the Home Department's communication dated 30.06.2025, has issued fresh directives concerning the licensing regime for storage, sale, and manufacture of fireworks. Pursuant thereto, all Sub-Divisional Magistrates in Banaskantha District have been directed to undertake comprehensive inspections to ensure that no illegal sale, storage, or manufacturing of fireworks is taking place within their respective jurisdictions. The guidelines dated 30.06.2025 are annexed herewith and marked as **Annexure-R1.** Further, by order dated 02.04.2025, the District Administration directed that the premises of all permanent firecracker license holders in the district be inspected to verify compliance with all stipulated safety and legal conditions. In pursuance of this order, eleven inspection teams were constituted, to inspect all licensed premises. After thorough inspection, even in cases of any minor violation of the prescribed conditions being found, licenses were revoked after following due process of law.

12. It is respectfully submitted that in response to the firecracker explosion that occurred on 01.04.2025, precautionary measures were initiated to prevent similar incidents across Banaskantha District. Instructions were issued to conduct inspections of all CNG stations, petrol pumps, gas agencies, hotels, restaurants, malls, warehouse complexes, industrial units, hospitals, schools, and other commercial establishments. Accordingly, a total of **2,989 units** across the district were thoroughly inspected.

13. It is, thus, respectfully submitted that the Respondent has acted with promptitude and due diligence, not only in conducting rescue and relief operations but also in ensuring that statutory compliance is enforced strictly, with a view to preventing recurrence of such tragic incidents. Preventive, punitive, and remedial measures have been undertaken and necessary vigilance continues to be exercised in the district.

Executive Magistrate PALANPUR

14. It is respectfully submitted that the Gujarat State Human Rights Commission had also taken cognisance of this issue based on newspaper reports and; after considering the reply filed by the District Magistrate, Banaskantha closed the *suo moto* proceedings. The order passed by the Gujarat State Human Rights Commission, dated 02.06.2025, is annexed herewith and marked as **Annexure-R2.**

15. It is respectfully submitted that the District Magistrate, Banaskantha has also issued a public notice dated 21.05.2025

inviting applications for compensation under the Public Liability Insurance Act, 1991, for which 27 applications have been received and further proceeding are undergoing as contemplated under the provision of the said Act. The notice issued by the District Magistrate, Banaskantha dated 21.05.2025 is annexed herewith and marked as **Annexure-R3.**

16. In view of the aforesaid, the Banaskantha District Administration has acted with promptitude and has adopted a humane approach in the aftermath of the unfortunate incident; and, therefore, the captioned proceedings, in so far as the Respondent No. 4 is concerned, may be closed in the interest of justice.

17. The answering Respondent craves leave to file additional affidavit(s) as and when necessitated or if and when directed by this Hon'ble Tribunal.

Executive Magistrate PALANPUR

**VERIFICATION**

I, Patel Chelajibhai Prabhujibhai, Resident Additional Collector (RAC), District Banaskantha, Gujarat State, do hereby solemnly affirm and state on oath that what is stated herein above is true to the best of my knowledge, information and belief; and I believe the same to be true.

Solemnly affirmed at PALANPUR on this the 22 day of AUGUST, 2025.

22/08

**Deponent**

Solemnly affirmed and Signed
Shri Patel Chelajibhai Prabhujibhai, RAC.
of B.K. who is Identified by
Shri Self
to Palanpur whom I know
Personally
SR.NO 44/2025 Executive Magistrate
Palanpur Palanpur
Date 22/8/2025 22/8/2025

# ગુજરાત સરકાર

ક્રમાંક:વિ.૨/ઇએસએ/૧૦૨૦૨૫/૨૭૪
ગૃહ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા. 30 JUN 2025

પ્રતિ,

1) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,

2) સર્વે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,

3) સર્વે પોલીસ કમિશ્નરશ્રી,

4) સર્વે પોલીસ અધિક્ષકશ્રી.

**વિષય:-** બનાસકાંઠા જીલ્લાના ડીસા ખાતે આવેલ દિપક ટ્રેડર્સમાં બનેલ વિસ્ફોટની ઘટના અનુસંધાને ખાસ તપાસ દળ દ્વારા ફટાકડા પરવાનાની પ્રક્રિયા સંબંધમાં અસરકારક અમલીકરણ માટે કરવામાં આવેલ ભલામણો બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય અન્વયે જણાવવાનું કે, તા.૦૧.૦૪.૨૦૨૫ના રોજ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાની જી.આઇ.ડી.સી.ની ફટાકડાની ફેકટરીમાં અચાનક વિસ્ફોટના બનેલ બનાવ અનુસંધાને ઉચ્ચકક્ષાની તપાસ માટે રાજ્ય સરકાર દ્વારા ખાસ તપાસ દળની રચના કરવામાં આવેલ.

૨. ખાસ તપાસ દળ દ્વારા ઉક્ત બનાવની ઇન્કવાયરી દરમ્યાન ફટાકડા સંબંધીત પરવાનાઓને ઇસ્યુ/રીન્યુ/ઇન્સ્પેકશન કરતી વખતે તમામ શહેર/જીલ્લાઓ દ્વારા SOP બનાવી અમલ કરવામાં આવે તથા વહીવટીતંત્રની ફટાકડા પરવાના આપવાની પ્રક્રિયા અસરકારક બનાવવા માટે નીચે મુજબ ભલામણો કરવામાં આવેલ છે :

1. નવા પરવાના ઇશ્યુ કરતી વખતે કામગીરીનો સમયગાળો નકકી થવો જોઇએ, જે અરજી મળ્યાના ૬૦ દિવસથી વધુનો ન હોવો જોઇએ.
2. <u>**એક કરતા વધારે પરવાના આપવા ઉપર યોગ્ય ચકાસણી :**</u>

   પરવાનાધારક જયારે ફટાકડા વેચાણ અને સંગ્રહ માટે દુકાન માટેના LE-5 પ્રકારના પરવાના માટે અરજી કરે ત્યારે જો તેના પોતાના નામે અથવા તેના નજીકના વ્યકિતના નામે સમાન પ્રકારનો પરવાનો પહેલાથી જ ઇશ્યુ થયેલ હોય તેવા કિસ્સાઓમાં તેમજ તે ઉપરાંત જો પરવાનાની અરજીમાં દર્શાવેલ સ્થળ પર પહેલાથી જ અરજદાર કે તેમના નજીકના વ્યકિત સમાન હેતુસરનો પરવાનો ધરાવતા હોય તો આવા સંજોગોમાં તંત્રએ સદરહુ પરવાનાની અરજીની પ્રક્રિયા દરમ્યાન અરજદાર ખરેખર કયા હેતુસર/કારણોસર બીજો પરવાનો મેળવવા માંગે છે તે બાબતની ઊંડાણપૂર્વક વિસ્તૃત તપાસ કરવી જોઇએ. આવી તપાસ દરમ્યાન ખૂબ જ વાજબી/ઉચિત કારણ જણાઇ આવે તો જ પરવાનો આપવાં બાબતે નિર્ણય કરવો જોઇએ.

3. બાંધકામના નકશા સાથે બાંધકામની સામ્યતા તપાસવી.

I. અરજદાર અરજી સાથે જ્યારે સ્થળનો નકશો રજૂ રાખે છે ત્યારે આ નકશો યોગ્ય રીતે તૈયાર થયેલ હોય તે બાબતે અરજી સાથેના દસ્તાવેજો તપાસતી વખતે ધ્યાન આપવું જોઇએ. આ નકશો કોઇ પ્રાઇવેટ એન્જીનીયર કે અન્ય વ્યકિત દ્વારા તૈયાર થયેલ હોય તો તેના જરૂરી લાયસન્સની વિગતો સામેલ રાખવી જોઇએ.

II. ઇશ્યુ/રીન્યુ/ઇન્સ્પેકશન વખતે પરવાનાવાળા સ્થળની સ્થળ તપાસ દરમ્યાન અરજી સાથે જગ્યાનો જે મંજૂર પ્લાન સામેલ રાખેલ છે તે મુજબ જ બાંધકામ થયેલ છે કે કેમ,તેની યોગ્ય રીતે ચકાસણી થવી જરૂરી છે. સ્થળ તપાસ વખતે આ બાબતે ખરાઇ કરી પંચનામામાં તેની વિગત દર્શાવવી જોઇએ.

III. ધી એક્ષપ્લોઝિવ રૂલ્સ, ૨૦૦૮ના નિયમોમાં દર્શાવેલ જોગવાઇઓ અનુસાર કોઇપણ ફટાકડા વેચાણ અને સંગ્રહની દુકાનનું માપ ૯ સ્કવેર મીટરથી ઓછું અને ૨૫ સ્કવેર મીટરથી વધારે ન હોવું જોઇએ. આ બાબતે તંત્રે ચોકકસ ખાતરી કરી લેવી જોઇએ. હાલમાં જે જગ્યા પર પરવાના અપાયેલ હોય તે જગ્યાઓનું પણ ફરીથી ચેકીંગ કરી બાંધકામ નિયમાનુસાર ન જણાય તો તેવા પરવાનાની સમીક્ષા કરવાની પ્રક્રિયા કરવી જોઇએ.

IV. જગ્યા પરનું ઇલેકટ્રીકલ ફિટિંગ દિવાલની અંદર (concealed) હોવું જોઇએ. સ્થળ ચકાસણી વખતે આ બાબતની ખરાઇ કરી પંચનામામાં તેની વિગત દર્શાવવાની રહેશે.

4. ફાયર સેફટી :

I. ઇશ્યુ/રીન્યુ/ઇન્સ્પેકશન વખતે જયારે સ્થળ તપાસ કરવામાં આવે ત્યારે ફાયર સેફટીના સાધનો(ફાયર એક્ષટિંગ્યુશર, પાણી અને રેતી વિગેરે) કેટલા પ્રમાણમાં ઉપલબ્ધ છે; ફાયર એક્ષટિંગ્યુશરની એકસપાયરી ડેટ કયારે છે, કઇ કંપનીનું કયુ મોડલ છે. સર્ટીફાઇડ સ્ટાન્ડર્ડનું છે કે કેમ તે તમામ વિગતો સ્થળ પરના પંચનામામાં દર્શાવવી જોઇએ.

II. આગ લાગવાની ઘટના સમયે દુકાનમાં કયા વ્યકિતને ફાયર ઇક્વિપમેન્ટનો ઉપયોગ કરવાની જાણકારી છે. દુકાનમાં તેની શું કામગીરી છે તે અંગેની વિગતો સ્થળ તપાસના પંચનામામાં દર્શાવવી જોઇએ.

III. કોઇ પણ બનાવ સમયે ફાયર ફાયટર સેવા જગ્યા સુધી પહોંચી શકે તે મુજબના એપ્રોચ રોડ અને રસ્તા છે કે કેમ, તેની રૂબરૂ ચકાસણી કરી પંચનામામાં વિગત દર્શાવવી જોઇએ.

5. સ્ટોક રજીસ્ટર : રીન્યુ તેમજ ઇન્સ્પેકશન વખતેની સ્થળ તપાસમાં LE-5 પરવાનાની શરતો મુજબ સ્ટોક રજીસ્ટર નિયમાનુસાર નિભાંવવામાં આવે છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે અને તે મુજબની પંચનામામાં વિગતો દર્શાવવાની રહેશે. ઉપરાંત, સ્થળ તપાસમાં અનધિકૃત રીતે બનાવેલ ફટાકડાનો જથ્થો મળી આવે છે તો પરવાનેદાર પર શિક્ષાત્મક કાર્યવાહી તેમજ એકસપ્લોઝીવ્સ રૂલ્સ, ૨૦૦૮ અંતર્ગત સંબંધિત નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી કરવી જોઇએ.

6. **ઈન્સ્પેકશનનો સમયગાળો**: હાલમાં એક્સપ્લોઝીવ્સ રૂલ્સ, ૨૦૦૮માં LE-5 પરવાના સંબંધે કેટલા સમયગાળામાં જગ્યાનું ઈન્સ્પેકશન થવુ જોઇએ તે સ્પષ્ટ રીતે જણાવેલ નથી. ખાસ તપાસ દળની ભલામણ અનુસાર એક વર્ષમાં ઓછામાં ઓછા એક વાર આવી જગ્યાની સ્થળ તપાસ કરવાની રહેશે. આ ઈન્સ્પેકશનનો અહેવાલ પ્રોપર ચેનલ મારફતે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીને મોકલાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

7. **ઈન્સ્પેકશનની સત્તા** :એક્ષ્પ્લોઝિવ રૂલ્સ, ૨૦૦૮ ના નિયમ ૧૨૮ માં પરવાનાવાળી જગ્યાના ઈન્સ્પેકશનની સત્તા ૧. એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, જીલ્લા મેજીસ્ટ્રેટ અને ૨. પોલીસ સબ ઈન્સ્પેકટર થી નીચેના દરજ્જાના ના હોય તેવા પોલીસ અધિકારીને આપેલ છે. જેથી ઈન્સ્પેકશન તેનાથી નીચેના દરજ્જાના કોઈપણ અધિકારી/કર્મચારી દ્વારા નહી પરંતુ ઉકત અધિકારીઓ દ્વારા જ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

8. **પરવાના રજીસ્ટર** :પોલીસ સ્ટેશન સ્તરે તેમજ મામલતદાર કક્ષાએ તેઓના કાર્યક્ષેત્રમાં જેટલા પણ ફટાકડા સંબંધેના પરવાનાઓ આવેલ છે તેનું વિગતવારનું રજીસ્ટર યોગ્ય રીતે નિભાવવાનું રહેશે અને સમયાંતરે કરવામાં આવતા ઈન્સ્પેકશનની નોંધ તેમજ રીન્યુ થયા બાબતેની નોંધ તેમાં કરવાની રહેશે. તેઓના સુપરવિઝન અધિકારીએ આ બાબતનું અમલીકરણ થાય તે બાબતેની ખાત્રી કરવાની રહેશે.

9. **રીન્યુ હુકમ** :

I. હાલમાં પરવાનાને રીન્યુ કરવાની સત્તા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટને છે. પરવાના રીન્યુ થાય ત્યારે એસ.ડી.એમ. કચેરી ખાતે નિભાવવામાં આવતા રીન્યુ રજીસ્ટરમાં નોંધ પાડવામાં આવે છે અને પરવાનાધારકે રજૂ રાખેલ અસલ લાયસન્સમાં નોંધ પાડવામાં આવે છે; તે સિવાય અન્ય કોઈ પણ અધિકારીને આ બાબતે કોઈપણ માહિતી મોકલવામાં આવતી નથી. જેથી પરવાનો રીન્યુ થવા બાબતે અન્ય તમામ સ્ટેકહોલ્ડર્સ પાસે કોઈપણ વિગત ઉપલબ્ધ હોતી નથી. એસ.ડી.એમ.શ્રીએ તેઓના પરવાના રજીસ્ટરમાં નોંધ કરવા ઉપરાંત દરેક રીન્યુઅલ બાબતે પોતાની સહીથી રીન્યુ હુકમ કરવાનો રહેશે, જેની નકલ તમામ સ્ટેકહોલ્ડર્સને મળી રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

II. પરવાનો રીન્યુઅલ કરવાની અને રદ કરવાની કામગીરીનો સમયગાળો નકકી થવો જોઇએ, જે અરજી મળ્યાથી ૩૦ દિવસથી વધુ ન હોવો જોઇએ.

આમ, ઉપરોકત વિગતો ધ્યાને લેતાં, આપના કાર્યક્ષેત્ર હેઠળ ફટાકડા સંબંધીત પરવાનાઓને ઈસ્યુ/રીન્યુ/ઈન્સ્પેકશન કરતી વખતે ખાસ તપાસ દળની ભલામણો ધ્યાને લઈ વહીવટીતંત્રની ફટાકડા પરવાના આપવાની પ્રક્રિયા અસરકારક બનાવવા માટે યોગ્ય વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

આપની વિશ્વાસુ,

(શ્રદ્ધા પરમાર)
ઉપસચિવ
ગૃહ વિભાગ

**નકલ જાણ સારૂ રવાના:-**

- અગ્ર સચિવશ્રી – શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી – ગુજરાત રાજય, ગાંધીનગર.

# ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ

કર્મયોગી ભવન, બ્લોક નં.૧, પાંચમો માળ,
સેકટર-૧૦-એ ગાંધીનગર

બનાસકાંઠા પ્રેસ ૭૪/૨૪

પાના નં.૧૭/નોંધ
તા.૨.૬.૨૦૨૫

**શ્રી ડૉ.કે.જે.ઠાકર,**
**માનનીય અધ્યક્ષશ્રીનો હુકમ**

આ કામે તા.૨.૬.૨૦૨૫ના રોજ ૧૩-૦૦ કલાકે હાજર રહેવા પાઠવેલ સમન્સ અન્વયે શ્રી સી.એલ.સોલંકી, DYSPશ્રી, ડીસા, જિ. બનાસકાંઠા તથા શ્રી વાય.જી.પટેલ, કાયદા અધિકારીશ્રી, ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્યનાઓ (DISH) અત્રે આયોગ સમક્ષ ઉપસ્થિત રહેલ છે.

આ કામે પોલીસ અધિક્ષકશ્રી, બનાસકાંઠાનાં તા.૩૧.૫.૨૦૨૫નો ઈમેઈલ પત્ર તથા નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, અમદાવાદનો તા.૨૬.૫.૨૦૨૫નો અહેવાલ આયોગ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. જે રેકર્ડ ઉપર લેવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે "ડીસામાં ફટાકડાની ફેકટરીમાં વિસ્ફોટ, ૨૦ના મોત" અન્વયે પ્રસિધ્ધ થયેલ સમાચાર અન્વયે હાજર અધિકારીશ્રીઓ સાથે ચર્ચા કરતાં તેઓશ્રી તરફથી જણાવવામાં આવેલ છે કે સંબંધિતો સામે FIR થઈ ગયેલ છે અને અટક પણ કરવામાં આવેલ છે. આ કામે હાજર DISHના કાયદા અધિકારીશ્રીએ જણાવેલ છે કે આ બાબતે ફેકટરી એકટ લાગું ન પડતો હોવાનું જણાવેલ છે કારણ કે જે જગ્યાએ વિસ્ફોટ થયેલ હતો તે ગોડાઉન હતું, તથા ૨૦ થી વધુ શ્રમયોગીઓને કામે રાખેલ હોય તો કારાખાના ધારા, ૧૯૪૮ લાગુ પડે તેમ છે. જયારે આ ગોડાઉન ખાતે ૧૮ વર્ષ થી વધુ ઉમરના ૧૬ માણસો હાજર હતા જેથી કારખાના ધારા, ૧૯૪૮ની કલમ-૨(એમ)( ii) મુજબ સદર ગોડાઉનને કારખાના ધારા, ૧૯૪૮ લાગુ પડતો નથી.

Copy

આ કામે બનાવમાં ભોગ બનેલા અને ઈજાગ્રસ્તો જુદી જુદી સરકારશ્રીઓ તરફથી નાણાંકિય સહાય અપાયેલ હોઈ DMશ્રી, બનાસકાંઠા અને SPશ્રી, બનાસકાંઠાએ આ કામે સંબંધિતો સામે યોગ્ય પગલાં લીધા હોઈ આ આયોગ તરફથી લેવામાં આવેલ સુઓમોટો પ્રકરણ ફેંસલ કરવાનો તથા DMશ્રી, બનાસકાંઠા અને SPશ્રી,બનાસકાંઠાને આ કામે વધુ કાયદેસરના પગલા લેવા તથા રાજયમાં ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટેના તાકીદના પગલાં લેવા સુચના આપવામાં આવે છે. આ કામે કલેકટરશ્રીએ વિશેષમાં રજુઆત કરેલ છે કે લાયબીલીટી એકટ હેઠળ ભોગ બનનારાઓને / ભોગ બનાનારના કાયદેસરના વારસદારો નાણાંકિય વળતર અપાવવા માટેની ઘટિત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જે આયોગના ધ્યાને મુકવામાં આવે છે.

(ડૉ. કે.જે.ઠાકર)
અધ્યક્ષ
ગુ.રા. માનવ અધિકાર આયોગ.
ગાંધીનગર

રજીસ્ટ્રારશ્રી

## જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, બનાસકાંઠા- પાલનપુર

નં.ડી/એમએજી/૨/ફટાકડા/વશી/૧૪૪૫થી/૨૦૨૫
૧૪૫૨

તા.૨૯/૦૫/૨૦૨૫

### "જાહેર ખબર"

### (જાહેર જવાબદારી વીમા અધિનિયમ, ૧૯૯૧ ની કલમ-૫)

આથી તમામ સંબંધિતોને જાણ કરવામાં આવે છે કે, તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ ડીસા તાલુકાના ઔધોગિક વિસ્તાર નજીક ડીસા-ઢુવા રોડ ઉપર આવેલ નવા સર્વે નં.૩૮૪ જેના જુના સર્વે નં.૫૫૬/પી૧/પી૨ વાળી જમીનમાં આવેલ ફટાકડાના ગોડાઉનમાં મોટો વિસ્ફોટ થયેલ. જે વિસ્ફોટના પરિણામે વિસ્ફોટ વાળી જગ્યા તેમજ આજુ-બાજુના વિસ્તારમાં જાનમાલને નુકશાન થયેલ છે.

સદર વિસ્ફોટમાં ઘાયલ થયેલ વ્યક્તિઓ તથા મૃત્યુ પામેલ વ્યક્તિઓના કાયદેસરના પ્રતિનિધિઓ તથા વિસ્ફોટના કારણે જે વ્યકિતઓના માલ મિલકતને નુકશાન થયેલ છે તેવી વ્યક્તિઓ જાહેર જવાબદારી વીમા અધિનિયમ-૧૯૯૧ હેઠળ રાહત દાવા અંગે અરજી કરી શકશે.

સબબ, રાહત દાવા માટે અરજી જાહેર જવાબદારી વીમા નિયમો-૧૯૯૧ ના નિયમ-૩ હેઠળ નિર્ધારિત ફોર્મ-૧ (પેટામાં સામેલ છે) માં જાહેર રજાના દિવસ સિવાય કચેરી સમય દરમિયાન કલેકટર કચેરી, બનાસકાંઠા ખાતે જમા કરાવી શકાશે. અરજી સાથે નીચે મુજબના દસ્તાવેજો જોડવાના રહેશે.

૧) મૃત્યુ પ્રમાણપત્ર

૨) તબીબી પ્રમાણપત્રો

૩) અપંગતા અને ઇજા સબંધે અન્ય દસ્તાવેજો

૪) માલ મિલકતને નુકશાનીના પુરાવા

(મિહિર પટેલ, IAS)
જિલ્લા મેજિસ્ટ્રેટ
બનાસકાંઠા-પાલનપુર

**નકલ સવિનય રવાના:-**

૧. કલેકટરશ્રી, હરદા(મધ્યપ્રદેશ)
૨. કલેકટરશ્રી, દેવાંશ(મધ્યપ્રદેશ)
 ૨/- જાણ તથા સ્થાનિક વર્તમાનપત્રમા પ્રસિદ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના:-**

૧. પોલીસ અધિક્ષકશ્રી, બનાસકાંઠા
 ૨/- જાણ સારૂ.
૧. નાયબ માહિતી નિયામકશ્રી, ઈદગાહ રોડ, પાલનપુર
 ૨/- સ્થાનિક વર્તમાન પત્રોમાં પ્રસિદ્ધ કરવા સારૂ.
૨. સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ડીસા
 ૨/- જરૂરી કાર્યવાહી કરવા માટે.
૩. મામલતદારશ્રી, ડીસા(ગ્રામ્ય)
 ૨/- જરૂરી કાર્યવાહી કરવા માટે.